## <u>આંક–૧ લગત હુકમ</u>

ફરિયાદ પક્ષ દ્વારા હાલની ફરિયાદ વિડ્રો કરવા માટે વિડ્રો પુરસીસ રજૂ કરેલ છે. જે ધ્યાને લેતા, આ કામના ફરિયાદી તથા આરોપી વચ્ચે સમાધાન થઈ ગયેલ હોય, જેથી ફરિયાદી હાલની ફરિયાદ આગળ ચલાવવા માંગતા ન હોય પોતાની રાજીખુશીથી સ્વેચ્છાએ પુરસીસ રજૂ કરી ફરિયાદ પરત ખેંચતા હોય, જેથી ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૭/બી.એન.એસ.એસ. ની કલમ–૨૮૦ અન્વયે આ કામના ફરિયાદ પક્ષની હાલની ફરિયાદ પરત ખેંચવા પરવાનગી આપવામાં આવે છે અને આ કામના આરોપીને ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે. જે અન્વયે હાલનો કેસ આજરોજ વિડ્રોથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૨ જી મે, સને–૨૦૨૬ ના રોજની લોકઅદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૦૨/૦૫/૨૦૨૬

(Kutbuddin Hatimbhai Trunkwala)
૩૨ મા એડિશનલ ચીફ જ્યુડિશિયલ
મેજિસ્ટ્રેટ,
કોર્ટ નં. ૪૬, અમદાવાદ સીટી